આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૬૯ | ૩૦ ઓગષ્ટ, ૨૦૧૩, શુક્રવાર; શ્રાવણ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લા આરોગ્ય સદન નિર્માણ માટે વિચારણા

## દરખાસ્ત આવશે તો સરકાર સકારાત્મકતાથી વિચારણા કરશે : આરોગ્ય સેવાઓના સઘનીકરણ પર ભાર મુકતા રાજ્યમંત્રી પરબત પટેલ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં આરોગ્ય સદન અલગથી બનાવવા માટેની દરખાસ્ત રાજ્ય સરકારને મોકલવામાં આવશે તો તે અંગે સકારાત્મક રીતે વિચારણામાં લેવાશે તેવો સંકેત આજે રાજકારણના આરોગ્ય મંત્રી શ્રી પરબતભાઈ પટેલે આપ્યો હતો.

ગાંધીનગર શહેર અને જિલ્લાના આરોગ્ય અધિકારીઓ સાથે યોજાયેલ સમીક્ષા બેઠકમાં અન્ય જિલ્લાઓની જેમ જિલ્લાની આરોગ્ય કચેરીઓ માટે અલાયદુ ભવન હોવુ જોઈએ તેવી રજુઆતના પ્રત્યુત્તરમાં રાજ્યમંત્રીશ્રીએ આવો સંકેત આપ્યો હતો.

તેમણે જિલ્લામાં ચાલતી ત્રણ જેટલી ડિસ્પેન્સરીઓને તાત્કાલિક બંધ કરી તેના કર્મચારીઓને પ્રા.આ. કેન્દ્રમાં તબદીલ કરવાની કાર્યવાહી કરવા માટે પણ જણાવ્યું હતું.

શ્રી પરબત પટેલે ગાંધીનગર શહેર અને જિલ્લામાં સંસ્થાકીય પ્રસુતિનો આંક સુધરે તેના પર વિશેષ ભાર મુક્યો હતો અને સીએચસી, પી.એચ.સી.માં આ સંખ્યા ઘણી ઓછી કેટલાક સેન્ટરોમાં છે તે અંગે નારાજગી વ્યક્ત કરી હતી.

મંત્રીશ્રીએ જિલ્લામાં વધતી જતી રોગચાળાની સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યુ હતુ કે તંત્ર

● અનુસંધાન પાન-૭ પર



રાજ્યમાં આમ તો એકસો સાત કરતાં પણ વધુ લોકમેળાઓ યોજાય છે. પરંતુ તેમાંય જન્માષ્ટમી પર્વે યોજાતા લોકમેળાનું મહાત્મ્ય તો અલગ જ હોય છે. શહેરના ગ્રામદેવતા પંચદેવ મંદિરના પ્રાંગણની આ તસ્વીર જોઈએ તો કવિ ભાગ્યેશ જહાની પેલી પંક્તિ ગણગણવી જ પડે 'મેળાનું નામ ના પાડો તો સારૂ મેળો તો મળવાની ધરતી' કવિ આમ તો કૃષ્ણપ્રેમી છે અને કૃષ્ણને જીવન નાયક માની તેઓએ અનેકવિધ કવિતાઓ લખી છે. આ તસ્વીરમાં જ મોરલીનો વેપાર કરતા વેપારીઓ પણ પ્રજાજનો વચ્ચે ફરતા હતા ત્યારે આજ કવિની પેલી પંક્તિ એટલી જ યાદ આવે કે 'મોરલી મોબાઈલ જેવી રાખો...' (તસવીર : દિપક જાની)

# શહેરના પડતર પ્રશ્નો અંગે ખાસ સમીક્ષા બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાં સ્વચ્છતા અને શહેરમાં સમાવિષ્ટ ગામોમાં પાયાની સુવિધાના કામોને અગ્રતા આપવામાં આવે તે માટે આજે જિલ્લાના પ્રભારી સચિવશ્રી સંજય પ્રસાદે ખાસ ભાર મુક્યો હતો.

શ્રી સંજય પ્રસાદે આજે અધિકારીઓ સાથે યોજેલી એક સમીક્ષા બેઠકમાં શહેરમાં વધતા જતા અકસ્માતના બનાવોને નાથવા માટે તાકીદે પગલાં લેવા પર ખાસ ભાર મુક્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

### અકસ્માતોને રોકવા રમ્બલ પીચીંગનો આગ્રહ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાં વધતા જતા અકસ્માતોને નાથવા માટે રમ્બલ પીચીંગ કરી ગતિ અવરોધ ઉભા કરી શકાય છે ત્યારે તંત્રને તે દિશામાં કામ કરવાની સલાહ આજે જિલ્લાના પ્રભારી સચિવ શ્રી સંજયપ્રસાદે આપી છે.

તેમણે અધિકારીઓને જણાવ્યુ હતુ કે ખાસ કરીને જિલ્લા પંચાયતના કટ રોડ, ઉદ્યોગભવન નજીક, ચ-૩ પાસે તેમજ ઘ-૬ નજીક અકસ્માતના બનાવો વધુ બનતા જોવા મળી રહ્યા છે.

અન્ય શહેરોની તુલનામાં ગાંધીનગર નાનુ શહેર હોવા છતાં અકસ્માતના બનાવોનો રેસીયો ઘણો ઉંચો છે ત્યારે તંત્રએ રોડ એન્જીનીયરીંગમાં આ નવા ગતિ અવરોધકનો સમાવેશ કરી તેને ડેવલપ કરવા પર ભાર મુક્યો હતો.







